# પંદરમી ગુજરાત વિધાનસભા
## કામકાજ સલાહકાર સમિતિ
## પંદરમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા.૭મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** બુધવાર, તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો દિવસના કામકાજની યાદીમાં વિચારણા અર્થે દર્શાવવા અને ગુરુવાર, તા.૧૦/૦૯/૨૦૨૬ના રોજની બેઠકમાં તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૬નું ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ (ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણનું નિયમન) વિધેયક.

(૨) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૨૬નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૨૬નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૨૬નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

**૨.** શુક્રવાર, તા.૧૧/૦૯/૨૦૨૬ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવાં અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૨૬નું ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વિધેયક.

(૨) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૨૬નું ગુજરાત ભાડા વિધેયક.

(પાછળ)...

(૩) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૨૬નું ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબત (સુધારા) વિધેયક.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૭મી સપ્ટેમ્બર, ૨૦૨૬**

**શંકરભાઇ ચૌધરી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ.**